## સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## જાહેર નિવિદા

કા. કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ તરફથી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા સ્વદેશી વસ્તુઓના વેચાણ માટે કન્ટેનરની વ્યવસ્થા કરેલ છે જે પેઢી/વ્યક્તિ સ્વદેશી વસ્તુઓના વેચાણ માટેસર ધરાવતી હોઈ તો વેબ સાઈટ : www.spuvvn.edu/tenders પરથી ભાવપત્રક ડાઉનલોડ કરી જરૂરી વિગતો સહિતનું ભાવપત્રક સીલ બંધ કવરમાં તારીખઃ ૧૦/૦૬/૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરને મોકલી આપવું સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહી.

નં. એલ/૧૩૩૪
તારીખ:૦૨/૦૬/૨૦૨૬ કા. કુલસચિવ
વલ્લભ વિદ્યાનગર

# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે બિઝનેશ સ્ટડીઝ ખાતેના પટાગંણમાં સરકારશ્રીના સ્વદેશી વસ્તુઓના વેચાણ, વપરાશ માટે પ્રાથમિકતા આપવાના અભિયાન હેઠળ આ પ્રકારની સ્વદેશી વસ્તુઓના વેચાણ માટે કન્ટેનર શોપની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેને ચલાવવા માટેના નિયમો/શરતો નીચે મુજબ છે.

૧. સદર જગ્યામાં ભારતમાં નિર્મિત સ્વદેશી વસ્તુઓનું જ વેચાણ થઈ શકશે.
૨. ભારતમાં સ્થાપિત લઘુ ઉદ્યોગો/કુટીર ઉદ્યોગો સ્વ. સહાય જૂથો/મંડળીઓ તથા સરકારશ્રીની મંજૂરીથી સ્થાપિત થયેલ પ્રીમેટીવ ગ્રુપ દ્વારા ઉત્પાદિત વસ્તુનું વેચાણ કરવાનું રહેશે.
૩. સદર શોપમાં કોઈ નશા કારક વસ્તુનું વેચાણ થઈ શકશે નહી.
૪. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સૂચવવામાં આવેલ અથવા/સરદાર પટેલ યુનિવર્સિટીના S.P. SEC. દ્વારા મદદ મળી હોય તેવા સ્ટાટઅપ યુનિટ દ્વારા ઉત્પાદિત વસ્તુના વેચાણને પ્રાધાન્ય આપવાનું રહેશે.
૫. સદર શોપ ચલાવવા માટે આ પ્રકારના કામના અનુભવી કે કોઈ સંસ્થામાં આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ પેઢી/વ્યક્તિને પ્રાધાન્ય આપવાનું રહેશે.
૬. સદર શોપના ભાડાની આવક યુનિવર્સિટી જનરલ ફંડ કોડ નં. ૪૦૦૦૧ ખાતે જમા કરવાની રહેશે. તથા પેઢી દ્વારા લીઝ એગ્રીમેન્ટ કરાવવાનું રહેશે.
૭. સદર કરારની મુદ્દત ૧૧ માસ રહેશે જેના માટે પેઢી દ્વારા કરાર કરવાનો રહેશે કરારનો ખર્ચ પેઢી દ્વારા કરવાનો રહેશે.
૮. સદર શોપનું ભાડુ હાલના ધોરણે ન્યૂનતમ ૮૦૦૦/- પ્રતિમાસ તથા લાઈટબીલ અલગથી ચૂકવાનું રહેશે.
૯. કોઈ ખાધ પ્રદાર્થ તૈયાર કે (લાઈવ ફુડ) વેચાણ કરી શકાશે નહી અને કરારમાં દર્શાવેલ હેતુ સિવાય અન્ય હેતુ માટે સદર જગ્યાનો વપરાશ કરી શકાશે નહી.
૧૦. વેચાણ માટે મૂકવામાં આવેલ વસ્તુઓની મંજૂરી યુનિવર્સિટી પાસે થી લેખિતમાં મેળવવાની રહેશે. ઉપરોકત વિગતો અમોએ વાંચી/સમજી છે. જેના નિયમો અમને મંજૂર છે.
૧૧. ભાવપત્રક ભરનાર પેઢીએ પાન કાર્ડ, આધાર કાર્ડ અને અનુભવની વિગત (જો હોય તો)બિડાણ સાથે મુકવું.

ભાવપત્રક ભરનારની સહી
મોબાઈલ નં.